**Gujarat Mitra**

**Edition:** Vadodara | **Date:** 15th February, 2013 | **Page No.:** 05

# વડોદરામાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા ૫૬ હેક્ટર જમીન અનામત રખાઈ છે : આનંદીબેન

વડોદરા, તા. ૧૪

વુડા દ્વારા નગર આયોજનમાં વડોદરામાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવા માટે ૫૬ હેક્ટર જમીન અનામત રાખવામાં આવી છે તેનો ઉલ્લેખ કરતાં મહેસુલ અને શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આઠમા વીસીસીઆઈ મહા પ્રદર્શનનું ઉદ્ઘાટન કરવાની સાથે જણાવ્યું હતું કે, રાજ્યના ઉદ્યોગ વિભાગ સાથે પરામર્શ કરીને, વીસીસીઆઈ તેમજ વડોદરાના ઔદ્યોગિક મંડળો પીપીપી મોડમાં કાયમી પ્રદર્શન કેન્દ્રના નિર્માણનું આયોજન કરે. તેમણે માનવ સંપદા સૂચકાંકમાં ગુજરાતની પીછેહઠ નિવારવા માટે કુપોષણ નિવારણ તેમજ કન્યા ભ્રુણ હત્યાની અટકાયતના રાજ્ય સરકારે હાથ ધરેલા વ્યૂહાત્મક પ્રયાસોમાં વીસીસીઆઈ સહિતના ઔદ્યોગિક સંગઠનો સહભાગીદાર બને અને સમાજજાગૃતિના કાર્યક્રમમાં આ બે બાબતોના સમાવેશની સાથે, કામદાર પરિવારોની મહિલાઓ અને બાળકોમાં કુપોષણ નિવારણનું અભિયાન ઉપાડે તેવો ખાસ અનુરોધ કર્યો હતો. તેમણે એક્ઝિબિટર્સ ડિરેક્ટરીનું વિમોચન પણ કર્યું હતું.

સાડા ત્રણ લાખ ચોરસ મીટર જગ્યામાં ઔદ્યોગિક ઉત્પાદનો અને નવીન ટેક્નોલોજી સહિત વ્યાપાર-ઉદ્યોગ પ્રોત્સાહક મહા પ્રદર્શન યોજવા અને ખાસ કરીને લઘુ અને મધ્યમ ઉદ્યોગોને રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપલબ્ધ કરાવવા માટે તેમજ એક

**મહેસુલ મંત્રીના હસ્તે આઠમા વીસીસીઆઈ ઔદ્યોગિક મહા પ્રદર્શનનું ઉદ્ઘાટન**

મહિલાને સુકાનીપદ સોંપવા માટે તેમણે વીસીસીઆઈને અભિનંદન આપ્યા હતા.

આઠમા વીસીસીઆઈ મહા પ્રદર્શનના શુભારંભ સમારોહમાં મેયર ડૉ. જ્યોતીબેન પંડ્યા, સાંસદ બાળકૃષ્ણ શુકલ, ધારાસભ્યો સર્વ જીતુભાઈ સુખડિયા, યોગેશ પટેલ, રાજેન્દ્ર ત્રિવેદી, મનીષા વકીલ, રીજનલ પી.એફ. કમિશનર ડૉ. વેદપ્રકાશ, એસબીઆઈના ડીજીએમ અશ્વિન મહેતા, સમરજીતસિંહજી ગાયકવાડ, નાયબ મેયર હરજીવન પરબડિયા, વિપક્ષી નેતા ચંદ્રકાન્ત શ્રીવાસ્તવ, સ્થાયી સમિતિના અધ્યક્ષ ડૉ. વિજય શાહ સહિત નગરસેવકો, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના અધ્યક્ષશ્રી પ્રકાશ ભગવતી, ત્રિભુવન કાબરા, પ્રેમરાજ કશ્યપ અને કલ્પેશ પટેલ સહિત ઉદ્યોગપતિઓ, પ્રોફેશનલ્સ, વીસીસીઆઈ ટીમ મેમ્બર્સ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

અમે ૫ અલગ અલગ સેગમેંટસમાં રોજગારીની ૮ હજાર તકો તારવી છે અને પ્રદર્શનના પાંચેય દિવસ પ્લેસમેંટ ફેર યોજાશે તેવી માહિતી આપતા પ્રદર્શન આયોજન અધ્યક્ષશ્રી નિલેશ શુક્લએ ૧૯૯૬થી પડતર વડોદરામાં કાયમી પ્રદર્શન કેન્દ્ર બનાવવાની માંગણી સાકાર થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. વીસીસીઆઈ મહા ઉદ્યોગ પ્રદર્શન એ લઘુ-મધ્યમ ઉદ્યોગોનો કુંભમેળો છે તેવી લાગણી વ્યક્ત કરતાં તેમણે જણાવ્યું હતું કે, યુવાનોને ત્રણ ટોચના મેનેજમેંટ ગુરુઓ ચેતન ભગત, અરિંદમ ચૌધરી અને શિવ ખેરા આ પ્રદર્શન દરમિયાન પ્રોત્સાહિત કરશે. ઉદઘાટન સમારંભના અંતે જતીન શેઠે આભાર વ્યક્ત કર્યો હતો.